**ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિની યોજનાના દરોમાં વધારો કરવા બાબત.**

**રૂ.૧૨૬.૨૫ લાખ**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૭૨૭૯/ન.બા-૦૮/ગ
સચિવાલય, ગાંધીનગર
તા:૮/૪/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૧/ન.બા.-૨૮/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૩૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧/૨૦૨૨/૧૦૬૫-૬૬

**આમુખ :**

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવથી અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિઓના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ હાલમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓને રૂ.૭૫૦/- અને ધોરણ ૯ થી ૧૦ માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓને રૂ.૧૦૦૦/- ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરે હાલની મોંઘવારી ધ્યાને લેતાં, શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવા માટેની વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૧૨૬.૨૫ લાખની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિઓના ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની અમલીત યોજનામાં હાલમાં આપવામાં આવતી શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવાની વર્ષ:૨૦૨૨-૨૩ની રૂ.૧૨૬.૨૫ લાખની ચાલુ બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં. | ધોરણ | શિષ્યવૃત્તિના સુધારેલ દર (વાર્ષિક) |
|---|---|---|
| ૧ | ધોરણ ૧ થી ૮ કુમાર/કન્યા | રૂ.૧૦૦૦/- |
| ૨ | ધોરણ ૯ થી ૧૦ કુમાર/કન્યા | રૂ.૧૫૦૦/- |

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવાની રહેશે.

(૯) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન / એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલ નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૧) શિષ્યવૃત્તિના વધારેલ દરો નવા શૈક્ષણિક સત્રથી જ અમલી બનશે.

(૧૨) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિ આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર : SCW-1 બીસીકે-૧૭,૧૭/એ અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાતજાતિઓ માટે પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિની યોજનામાં શિષ્યવૃત્તિના દરોમાં વધારો કરવા બાબતે કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧/૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ,કોમ્પ્યુટર શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર,વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨